## વિધાનસભા તારાંકિત પ્રશ્ન - ૧૫/૩/૪૫૬

### વિષય: પંચમહાલ અને દાહોદ જીલ્લામાં નલ સે જલ યોજનાના કામોમાં ભ્રષ્ટાચાર બાબત

પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રી: ગુલાબસિંહ ચૌહાણ (લુણાવાડા)

### પુરકનોંધ

૭૩માં સ્વાતંત્ર દિન (15 Aug 2019) નિમિતે માન. પ્રધાનમંત્રીશ્રી દ્વારા દેશના તમામ ઘરોમાં આગામી પાંચ વર્ષ એટલે કે, ૨૦૨૪ સુધીમાં શુધ્ધ પેયજળ ઉપલબ્ધ થાય તે માટે હર ઘર જલ (નલ સે જલ) પહોંચાડવાના ઉદેશ સાથે "જલ જીવન મિશન" કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. ગુજરાત સરકાર દ્વારા જલ જીવન મિશન" કાર્યક્રમ હેઠળ હર ઘર જલ (નલ સે જલ) પહોંચાડવાના સંકલ્પ સાથે સમગ્ર રાજ્યમાં પેયજળ કામગીરીની અમલવારી કરવામાં આવી રહી છે.

રાજ્યના કુલ ૨૪૭ તાલુકા અને ૧૮,૧૫૨ ગામો ૧૦૦% નળ જોડાણ ધરાવતા તાલુકા/ગામો છે. રાજયના તમામ જિલ્લાઓ ૧૦૦% નળ જોડાણ ધરાવતા જીલ્લા તરીકે જાહેર કરવામાં આવેલ છે.

નલ સે જલ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં પંચમહાલ અને દાહોદ જિલ્લામાં અલગ અલગ વિષયો પર કુલ ૩૦ ફરિયાદો મળેલ છે. જે અન્વયે તપાસ સોંપવામાં આવેલ અધિકારી/કર્મચારી દ્વારા ગામની સ્થળ મુલાકાત કરવામાં આવે છે અને તેની તપાસ કરવામાં આવે છે.

વિભાગ દ્વારા ફરિયાદ અન્વયે યોજના સંબંધિત સંપુર્ણ રેકર્ડ, સ્થળ મુલાકાત આધારિત રોજકામ, ફોટોગ્રાફ અને અન્ય માહિતી સાથે તપાસ કરવામાં આવે છે. જેમાં કોઇ અધિકારી/કર્મચારીની જવાબદારી નકકી થાય તો ઉચ્ચ કક્ષાએથી તેમને ફરજ મોકુફ અથવા અન્ય શિક્ષા આપવામાં આવે છે. નલ સે જલ યોજના અંતર્ગત થયેલ ફરિયાદોનો સ્થળ મુલાકાત કરી ગામની યોજનાકીય માહિતી, ગામના સરપંચ તલાટી કમ મંત્રી, ગ્રામ પંચાયતના સભ્યો તથા ગામના અન્ય સભ્યોને પુછપરછ કરી અને ફરિયાદીની થયેલ રજુઆત અન્વયે વિગતવાર તપાસ કરી તેનો નિકાલ કરવામાં આવે છે.

મુખ્ય વહીવટી અધિકારી
તકેદારી એકમ, ગાંધીનગર